ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ, ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૫૭/૨૨-૨૩/ 3884 તારીખ : 06 DEC 2022

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી જાળીયા વિપુલભાઈ ભોળાભાઈ,**
**સાવરકુંડલા રોડ, પેટ્રોલ પંપ પાસે,**
**મું.ભાદરા, તા. મહુવા,**
**જી.ભાવનગર**

કેસ નં.૫૭/૨૨-૨૩

**મો.નં- ૯૮૨૪૯ ૫૭૫૭૮**

**વિષય : ખેતીવાડીમાં ઘર વપરાશનું વિજ કનેકશન ન મળવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૩૦/૦૯/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૪/૧૦/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૭/૨૨-૨૩/૩૪૦૬ તા.૧૭/૧૦/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૭/૨૨-૨૩/૩૫૪૨ તા.૦૨/૧૧/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૫/૧૧/૨૦૨૨** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણઃ- ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**
*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, **ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી-૧, મહુવા.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૫૭/૨૨–૨૩** ☜

વાદી :– **શ્રી જાળીયા વિપુલભાઈ ભોળાભાઈ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખ:– તા.૧૫/૧૧/૨૦૨૨** ◈

હાજર રહયા :– **શ્રી જાળીયા વિપુલભાઈ ભોળાભાઈ (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી સી.સી.ડામોર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા તથા શ્રી વી.પી.જેઠવા, નાયબ ઈજનેર, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી–૧, મહુવા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી જાળીયા વિપુલભાઈ ભોળાભાઈ, મું.ભાદરા, તા.મહુવા, જી.ભાવનગરની ખેતીવાડીમાં ઘર વપરાશનું વિજ કનેકશન ન મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૫૭/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૭/૨૨–૨૩/૩૪૦૬ તા.૧૭/૧૦/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૫/૧૧/૨૦૨૨** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી જાળીયા વિપુલભાઈ ભોળાભાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી સી.સી.ડામોર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા તથા શ્રી વી.પી.જેઠવા, નાયબ ઈજનેર, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી–૧, મહુવા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અરજદાર ભાવનગર જીલ્લાના મહુવા તાલુકાના ભાદરા ગામે પેટ્રોલ પંપ પાસે, સાવરકુંડલા રોડ પર ખેતીવાડી આવેલ છે. ખેતીવાડીમાં રહેણાંક છે ફાર્મ હાઉસ છે. તેઓની વિજ કચેરી મહુવા રૂરલ–૧ છે અને નિયમ મુજબ તમામ આધાર પુરાવા સાથે એ–વન ફોર્મ તા.૨૪/૦૮/૨૦૨૨ ના રોજ કચેરીમાં આપેલ. રજીસ્ટ્રેશન ચાર્જના નાણાં લીધેલ નહી ફકત નો ડયુ ના સહી સિકકા લગાડી આપેલ.

૧.૨ અરજદાર દ્વારા કચેરીએ હાજર સાહેબને એ–વન ફોર્મ આપેલ તો જાણવા મળેલ કે, ખેતીવાડીમાં રહેણાંક માટે વિજ કનેકશન મળશે નહી અને એ–વન ફોર્મ અરજદારને પરત આપેલ.

P.G.V.C.L. Bhavnagar Consumer Grievances Redressal Forum

૧.૩ અરજદાર દ્વારા જણાવેલ કે, મહુવા તાલુકામાં દરેક ગામડામાં ખેતીવાડીમાં રહેણાંકમાં દરેક કચેરીમાંથી વિજ કનેકશન આપવામાં આવેલ છે. દરેક ખેતીવાડીમાં વિજ કનેકશન ચાલે છે છતાં ના પાડેલ. વિજ કનેકશન નહી મળે. દરેક તાલુકામાં ખેતીવાડી રહેણાંકમાં વિજ કનેકશન આપવામાં આવે છે કંપનીના નિયમ મુજબ ખેતીવાડી ટી.સી માંથી હવે તો નવો નિયમ આવેલ છે. જયોતિગ્રામના વિજ કનેકશન આપવામાં આવે છે. હવે ધંધા માટે જયોતિગ્રામના વિજ કનેકશન આપવાના ચાલુ કરેલ છે. તો ફરીયાદ નો અભ્યાસ કરી કરાવી તપાસ કરાવી વિજ કનેકશન આપવા હુકમ કરવા વિનંતી છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ સવિનય સાથ આપ સાહેબશ્રી ને જણાવવાનું કે, અત્રેની મહુવા ગ્રામ્ય પેટા વિભાગ–૧ કચેરીએ અરજદારશ્રી જાળીયા વિપુલભાઈ ભોળાભાઈ, ગામ–ભાદરાની ખેતીવાડીમાં ઘર વપરાશનું વિજ જોડાણ ન મળવા બાબતની રજૂઆત મળેલ.

૨.૨ જેના અનુસંધાને આપ સાહેબને જણાવવાનું કે, અત્રેની મહુવા ગ્રામ્ય પેટા વિભાગ–૧ કચેરી દ્વારા સદર રજૂઆતકર્તા ને જે તે સમયે તેઓ અરજી કરવા આવેલ ત્યારે તેઓને યોગ્ય મૌખિક માર્ગદર્શન આપેલ તથા ઘટતા દસ્તાવેજી પુરાવા સાથે અરજી કરવા જણાવેલ. પરંતુ, ત્યારબાદ અરજદાર દ્વારા અરજી કરવા માટે અત્રેની મહુવા ગ્રામ્ય પેટા વિભાગ–૧ કચેરીનો સંપર્ક કરેલ નહી અથવા અન્ય કોઈ ગેરસમજણ ના લીધે અરજી કરવા આવેલ ન હોઈ તેવી શકયતા રહેલ છે. આમ, અરજદાર દ્વારા પીજીવીસીએલ કંપનીના નિયમાનુસાર દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવશે તેમજ પીજીવીસીએલ કંપનીના પ્રવર્તમાન પરિપત્રો અનુસાર નિયમાનુસાર લાગુ પડતા ફીડર પરથી વિજ જોડાણ આપવાપાત્ર હશે તો ચોકકસપણે અરજદારના ખેતીવાડીમાં ઘર વપરાશનું વિજ જોડાણ આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

☞ **<u>ફોરમનું તારણ</u>** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદારશ્રી જાળીયા વિપુલભાઈ ભોળાભાઈ, ગામ–ભાદરા, તા.મહુવા દ્વારા તેમની ખેતીવાડીમાં રહેણાંક નું કનેકશન પ્રતિવાદીની ગ્રામ્ય પેટા વિભાગ–૧ કચેરી દ્વારા ન આપવા બાબતની રજૂઆત ફોરમને કરેલ છે.

૩.૨ આજરોજ તા.૧૫/૧૧/૨૦૨૨ ની રૂબરૂ સુનાવણીમાં વાદી અને પ્રતિવાદી હાજર છે તથા તેમની રજૂઆતે કરેલ છે.

૩.૩ આજરોજની રૂબરૂ સુનાવણી દરમ્યાન ફોરમને જણાય છે કે,વાદી હાલ પીજીવીસીએલ નો ગ્રાહક નથી તેમજ ખેતીવાડી વિસ્તારમાં રહેણાંકી વિજ કનેકશન કેવી રીતે મળી શકે તથા કયા ફીડરમાંથી મળશે તે બાબતની સમજણ સુનાવણી દરમ્યાન વાદી તેમજ પ્રતિવાદીને આપવામાં આવેલ છે. તથા વાદીને નવું કનેકશન મેળવવા માટે પ્રતિવાદી દ્વારા માંગવામાં આવતા જરૂરી દસ્તાવેજો રજૂ કરવા જણાવવામાં આવેલ છે તથા અંદાજપત્ર ભરવા જણાવવામાં આવેલ છે.

CGRF Bhavnagar

૩.૪ આથી હુકમ કરવામાં આવે છે કે, વાદીએ નવું રહેણાંકી કનેકશન મેળવવા માટે પ્રતિવાદી દ્વારા માંગવામાં આવતા દસ્તાવેજો રજૂ કરવા તથા આપવામાં આવતું અંદાજપત્રની રકમ ભરી આપવી. જે પ્રક્રિયા થયેથી, પ્રતિવાદી એ નવું કનેકશન આપવા માટેની કાર્યવાહી તુરંત કરવી.

**<u>–:: હુકમ ::–</u>**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૪ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જુના પાવર હાઉસ કંમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણબાગ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(એન.આઈ.ઉપાધ્યાય)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કાું.લી.:ભાવનગર.**

તારીખ :– **૧૫/૧૧/૨૦૨૨.**

Consumer Grievance Redressal Forum
PGVCL
Bhavnagar